Reg. No. G-24365
ડૉ.અરમાન એમ. બાયડ B.H.M.S.
ફેમીલી ફીઝીશીયન એન્ડ સર્જન
+ બાયડ ક્લિનિક +
નાના બાળકોથી વૃદ્ધો સુધીના તમામ રોગોની
સચોટ નિદાન અને સારવાર
મદીના નગર, મોટાપીર રોડ ચોકડી, ભુજ.
ફોન : ૯૯૦૯૨ ૨૬૨૫૫ - સમય : સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૯

સત્ય આવી ગયું અને અસત્ય નાશ પામ્યું (અલ-કુર્આન ૧૭ : ૮૧)

ફારૂક FAROOQ

25th YEAR
www.farooqsaptahik.com
POSTAL REGN. No. G-KCH-146/2024-2026
Posting at BHUJ On Every FRIDAY • સાપ્તાહિક

એક અચ્છે દિન કી શરૂઆત....
હુમા ચાય કી ચુસ્કી કે સાથ....
હુમા ચા
૧૦૦% નેચરલ સ્વાદ જે આપે તાજગીનો અહેસાસ
F.A. TRADING CO.
મુ. લુણી, તા. મુંદરા, જી. કચ્છ-૩૭૦૪૧૦. કસ્ટમર કેર નં. : ૮૨૩ ૮૨૩ ૦૫૧૫

RNI No. GUJ GUJ / 2000 / 2443 ★ Year - 25th ★ Issue - 11 ★ Rabi'ul Akhir - 7, H. 1446 ★ 11-OCTOBER-2024, Friday ★ Pages - 4 ★ Price – Rs. 3/- ★ Visit us at : Farooqsaptahik.com

વાર્ષિક લવાજમ – Rs. 150/- ★ 'ફારૂક' સાપ્તાહિક મેળવવા સંપર્ક કરો : ફારૂક કાર્યાલય, સુમરા ડેલી સામે, ભુજ–કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન : 98253 76396. ★ E-mail : farooqsaptahik@gmail.com

નફરતબાજ નરસિંહાનંદની આત્મઘાતી ગુસ્તાખી સઉદી આરબમાં વખોડાઈ

ભારતની તમામ મુસ્લિમ અગ્રણી સંસ્થાઓએ પાખંડીના દુ:સાહસને વખોડ્યું, સાંસદ ઈકરા હસન, અસદુદ્દીન ઓવૈસીનું કડક વલણ



Inside the Haramain • Follow
4d

Haramain Sharifain strongly condemns the Blasphemy of the Prophet Muhammad ﷺ.

EDITORIAL STATEMENT

Haramain Sharifain strongly condemns the blasphemy of the Prophet Muhammad (Peace and Blessings of Allah be upon Him) committed by a priest of India and calls upon international organizations to stop elements that create communal tension and take steps to prevent the spread of Islamophobia and promote religious harmony.

Date: 5th October 2024.

નફરતબાજ નરસિંહાનંદ દ્વારા હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે અંગે કરેલ અત્યંત વાંધાજનક, અસહ્ય ટિપ્પણીના ઊંડા પ્રત્યાઘાત ભારત ઉપરાંત સઉદી અરબમાં પણ પડયા છે. ઈસ્લામના વૈશ્વિક ધાર્મિક કેન્દ્ર મક્કા મુકર્રમા ખાતે આવેલ મસ્જિદે હરમ (કાબતુલ્લાહ) અને મદીના મુનવ્વરા ખાતે આવેલ હરમ મસ્જિદે નબવી (આ બન્ને સ્થળોને અરબીમાં હરમૈન શરીફૈન) કહેવામાં આવે છે. સઉદી અરબની સમાચાર સંસ્થા Inside The Harmain એ પોતાના ફેસબૂક પેજ પર અગ્ર લેખમાં લખ્યું છે કે, ભારતના પૂજારી દ્વારા પયગમ્બર હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અંગે કરવામાં આવેલ બદ્બોઈને હરમૈન શરીફૈન સખત રીતે વખોડે છે અને આંતરરાષ્ટ્રીય સંગઠનોને હાકલ કરે છે કે સાંપ્રદાયિક તનાવ પેદા કરતા અને ઈસ્લામોફોબિયા ફેલાવતા તત્ત્વોને રોકવામાં આવે અને ધાર્મિક સદ્ભાવને પ્રોત્સાહન આપવામાં આવે.

નોંધનીય છે કે ભારતમાં નફરતી રાજકારણની પીઠબળના લીધે વધી રહેલા સાંપ્રદાયિક બનાવો પર વિદ્વાનોએ અનેક મંચોએ ચિંતા વ્યક્ત કરી છે કે તેની અસર ભારતની વિદેશ નીતિ પર પડવાની શક્યતા છે જે સંકેત હરમૈન – શરીફૈનનું આ નિવેદન આપી રહ્યું છે.

જમીયત ઉલમા એ હિન્દ

જમીયત ઉલમા એ હિન્દ (JUH) દ્વારા તા. 4-10 ના જારી કરાયેલ અખબારી યાદીમાં જણાવાયું છે કે JUHના અધ્યક્ષ મૌલાના મહમૂદ અસદ મદનીના માર્ગદર્શન હેઠળ JUHનો એક પ્રતિનિધિ મંડળ તા. 4-10 ના JUHના મહામંત્રી મૌલાના હકીમુદ્દીન કાસમીની આગેવાનીમાં ગાઝિયાબાદના પોલીસ કમિશ્નર શ્રી અજયકુમાર મિશ્રા સાથે મુલાકાત કરી આવેદનપત્ર આપ્યું જેમાં નરસિંહાનંદે પયગમ્બરે ઈસ્લામ હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અંગે કરેલ અત્યંત વાંધાજનક ટિપ્પણી સામે સખત કાનૂની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

બીજી તરફ તા. 4-10 ની સાંજે JUHના પ્રતિનિધિમંડળે દિલ્હીના IPS પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે જે પ્રતિનિધિ મંડળમાં મૌલાના હકીમુદ્દીન ઉપરાંત મૌલાના મુફતી અસજદ કાસમી (મહામંત્રી – JUH ગાઝિયાબાદ), મૌલાના શાબાન (પ્રમુખ – JUH ગાઝિયાબાદ તાલુકા), મૌલાના ફુરકાન (ઉપાધ્યક્ષ – JUH ગાઝિયાબાદ તાલુકા), હાફિઝ મુસ્તકીમ, હાફિઝ ગયૂર કાસમી, મૌલાના ઝિયાઉલ્લાહ કાસમી, મૌલાના ઝાકિર કાસમી અને અઝીમુલ્લાહ સિદ્દીકી, એડવોકેટ આકિબ બેગ, મૌલાના કાસિમ નૂરી અને અસદમીયાં પણ ઉપસ્થિત હતા.

ગાઝિયાબાદ પોલીસ કમિશ્નર સમક્ષ રજૂઆત કરવામાં આવી કે, નરસિંહાનંદની અપમાનજનક વાણીએ મુસ્લિમોને ઊંડો જખમ પહોંચાડ્યો છે. બે વર્ષ અગાઉ ભડકાઉ ભાષણ આપવાના આરોપસર

(અનુસંધાન પાના ૨ ઉપર)

વલ્લાહો અઅ્લમો

○ પપ્પા !
☐ જી, બેટા !
○ લોકતંત્રના ચાર સ્તંભ હોય છે, ગૃહ (લોકસભા– વિધાનસભા), અમલદારી (તંત્ર), ન્યાયતંત્ર અને મીડિયા. હરિયાણા ચૂંટણી પરિણામો બાદ પ્રથમ વખત અમલદારીવાળા સ્તંભની ચર્ચા સંભળાઈ રહી છે, આવું કેમ ?
☐ વલ્લાહો અઅ્લમો !!

ગુસ્તાખે રસૂલ વિરૂધ્ધ પાસા તળે કાર્યવાહી કરવામાં આવે

કચ્છ મુસ્લિમ યુવા દ્વારા યોજાયેલ પ્રચંડ વિરોધ પ્રદર્શન બાદ કચ્છ કલેકટર કચેરીએ રજૂઆત કરાઈ

(ન્યૂઝ ડેસ્ક)

કચ્છ મુસ્લિમ યુવા દ્વારા કચ્છ કલેકટર કચેરીએ આવેદનપત્ર પાઠવી રજૂઆત કરાઈ છે કે, હાલમાં આયોજનપૂર્વક ઈસ્લામ ધર્મના અનુયાયીઓને ઉશ્કેરવા અને દેશમાં વૈમનસ્ય ફેલાય તેવું કાર્ય કરવાનો એક સિલસિલો છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલ છે અને આ બધુંજ કોઈના ઈશારે થઈ રહ્યું હોય તેવું અમારૂં માનવું છે.

કચ્છ જીલ્લાના ગાંધીધામ અને કોડકી (તા. ભુજ)માં સોશ્યલ મીડિયા પર પોતાના વિવિધ એકાઉન્ટ ધરાવતા ફસાદીઓ દ્વારા ઈસ્લામ ધર્મના મહાન પયગમ્બર મુહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પર અણછાજતી પોસ્ટ કરીને મુસ્લિમોની લાગણી દુભાવવાનો અને તેઓને ઉશ્કેરી સમાજમાં તથા શહેરમાં વૈમનસ્ય ફેલાય તેવું કૃત્ય કરેલ છે.

આવા તત્વો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે મુસ્લિમ સમુદાયને દરેક વખતે તાકાત અને મોટો સમૂહ એકત્રિત કરવાની જરૂર પડે છે જ્યારે કે મુસ્લિમ વિરૂધ્ધની આ પ્રકારની કોઈપણ ઘટનામાં પોલીસ ખુદ ફરીયાદી બની (કોગ્નીજન્સ લઈ) આરોપીને રાઉન્ડ અપ કરી અને તાત્કાલિક અસરથી પોતાની બધી જ તાકાત લગાડી કાર્યવાહી કરે છે જેના અનેક દાખલા ભુજ શહેર અને કચ્છ જીલ્લામાં જોવા મળેલ છે.

અમારી માંગણી છે કે, ગાંધીધામમાં હરિસિંહ જાડેજા દ્વારા કરવામાં આવેલ કૃત્ય બદલ તેની સામે પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવે. ઉપરાંત ભુજ તાલુકાના કોડકી ગામના વિદેશમાં બેસીને પોસ્ટ કરનાર વિમલ રબારીનું સોશ્યલ અકાઉન્ટ તમામ પ્રકારનો અહીંથી બ્લોક કરવામાં આવે તેમજ અમારા દ્વારા કરવામાં આવેલ FIRની નોંધ લઈને તાત્કાલિક અસરથી કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે તથા દેશભરમાં બની રહેલી આવી ઘટનાઓ પર રોક લગાડવા માટે નામદાર સુપ્રીમ કોર્ટની દિશા નિર્દેશોનો અમલીકરણ કરવામાં આવે તેવી અમારી માંગણી છે.

૩૦ દિવસમાં નક્કર કાર્યવાહી કરવામાં નહીં આવે તો બંધારણીય અધિકારોનો ઉપયોગ કરી રેલી સ્વરૂપે ભુજ થી ગાંધીધામ S.P. કચેરી ‘ તિરંગા યાત્રા’ કાઢવામાં આવશે તેવી ચિમકી ઉચ્ચારાઈ છે.

આ રજૂઆતમાં કચ્છ મુસ્લિમ યુવા ના સદસ્યો મૌલાના હુસૈન નોઅ્માની, મામદ લાખા, ઈકબાલ જત, ઈરફાન કાનીયા, વસીમ સોઢા, મોહસીન હિંગોરજા, જાવેદ રાયમા, તારમામદ તુર્ક, વસીમ હોથી, ઈદ્રીસ સમેજા, હમીદ કાતિયાર, મોહસીન સમા, સદામ રાયમા, યાકુબ મુતવા, ઈરફાન હાલેપોત્રા, રફીક કુંભાર, ફિરદોસ વાગેર, સોમિલ ચાકી, સાલેમામદ સમા, મુસ્તાક સોઢા, હાસમ સોઢાએ વ્યવસ્થા સંભાળી હતી તથા સાદાતે કિરામ સૈયદ લતીફશા બાપુ, સૈયદ અનવરશા બાપુ, સૈયદ ઓસમાણશા બાપુ, સૈયદ કૌષરઅલીશા બાવા, સૈયદ અમીરશા બાપુ, સૈયદ અલીશા બાપુ, સૈયદ અહમદશા બાવા, સૈયદ ઈમરાનશા બાવા, સૈયદ કાસમશા બાવા, સૈયદ અલીઅસગરશા બાવા તથા આગેવાનો હાલેપોત્રા હાજી ઈબ્રાહીમ, સકીલ સમા, ઈકબાલ મંધરા, ગની કક્કલ, હનીફ માંજોઠી, હમીદ સમા, મામદ જત વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ગુસ્તાખ નરસિંહાનંદ વિરૂધ્ધ સખત કાર્યવાહી કરવામાં આવે : ઈત્તિહાદુલ મુસ્લેમીન

(ન્યૂઝ ડેસ્ક) ઈત્તિહાદુલ મુસ્લિમીન એ હિન્દ ટ્રસ્ટ, અંજાર દ્વારા દેશના ગૃહમંત્રી અમિત શાહ, રાષ્ટ્રીય લઘુમતી આયોગ, ઉત્તર પ્રદેશના DGP અને ગાઝિયાબાદના S.P.ને પત્ર પાઠવીને આવેદન કર્યું છે કે દશના દેવી મંદિરનો મહંત નરસિંહાનંદે હઝરત મોહમ્મદ પયગમ્બર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની શાનમાં અત્યંત અપમાનજનક અને હૃદયદ્રાવક ટિપ્પણીઓ કરી છે. આ વિડીયો તેના ભૂતપૂર્વ ટ્વિટર હેન્ડલ ‘સનાતન ઉષાદલ’ પરથી એક બિન–મુસ્લિમ વ્યક્તિ દ્વારા પોસ્ટ કરવામાં આવ્યું છે. વિડીયોમાં કહેવામાં આવેલી બાબતો અસહ્ય અને અત્યંત નિંદનીય છે જેણે વિશ્વભરના મુસ્લિમોની ધાર્મિક લાગણીઓને ઊંડી ઠેસ પહોંચાડી છે. ટ્રસ્ટે આ તમામ ઘટનાઓને સખત શબ્દોમાં વખોડી કાઢી છે અને સરકારને વિનંતી કરી છે કે નરસિંહાનંદ સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને તેની સામે રાજદ્રોહ હેઠળ કેસ ચલાવવામાં આવે.

ટ્રસ્ટના પ્રમુખ હાજીમોહમ્મદ આગરીયા તેમજ સમસ્ત ટ્રસ્ટીઓ ઈનામુલહક ઈરાકી, હાજીજુમા રાયમા, યુસુફ સંઘાર, સૈયદ હેદરશા પીર, હાજીનૂરમામદ રાયમા, હબીબશા સૈયદ, સુલતાન માંજોઠી, સાદિક રાયમા, શાહનવાઝ શેખ વગેરેએ દેશમાં અશાંતિ અને નફરત ફેલાવતા આવા અસામાજિક ગુનેગાર તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માગ કરી છે એવું સંસ્થાના પ્રવક્તા જલાલશા સૈયદની યાદીમાં જણાવાયું છે.

ટ્રસ્ટ રજી. નં. ૨૬૫૦
ગુલઝારે મુસ્તફા સાર્વજનિક ટ્રસ્ટ
સંજોગનગર, ભુજ-કચ્છ.
તેરમી સમૂહશાદી
અલ્લાહના ફઝલો કરમથી અને મુફતી એ કચ્છ અલયહિર્રહમાની દુઆઓથી ગુલઝારે મુસ્તફા સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા ભુજ મધ્યે ૧૩મી સમૂહશાદીનું આયોજન કરવામાં આવેલ છે જેમાં જોડાવવા માંગતા દુલ્હાની ઉંમર ઓછામાં ઓછી ૨૧ અને દુલ્હનની ઉંમર ઓછામાં ઓછી ૧૮ વર્ષની હોવી જોઈએ. અરજી ફોર્મ વિતરણ તા. ૧૨-૧૦-૨૪ થી ૧૦-૧૨-૨૦૨૪ સુધી ચાલુ રહેશે.
ફોર્મ સ્વીકારવાની છેલ્લી તા. ૧૦/૧૨/૨૪
સમૂહશાદી તા. ૧૯/૧/૨૦૨૫, ભુજ ખાતે
ફોર્મ મેળવવાનું-પરત કરવાનું સ્થળ :
હાજી મો.રફીક બલોચ (પ્રમુખ) : ૯૬૮૭૩ ૧૪૩૧૮
ગુલઝારે મુસ્તફા સાર્વજનિક ટ્રસ્ટ, ભારત લોન્ડ્રી,
જત ટી હાઉસની સામે, મોટાપીર રોડ, સંજોગનગર, ભુજ.

○ ઝમઝમ બોટલ
○ એહરામ બેલ્ટ
○ તસ્બીહ
○ સુરમો
○ ટોપી
○ મુસલ્લા
○ પોકેટ કુર્આન
○ પોકેટ ૩૦ પારા
○ અત્તર
મુસ્તફા કિતાબ ઘર
સુમરા ડેલી સામે, ભુજ-કચ્છ. ફોન નં. 9909226786.

لبيك اللهم لبيك
WAY 2 MAP IATA
INTERNATIONAL TOURISM
Xplore / Educate / Enjoy...
હજ 2025
એડવાન્સ બુકિંગ
હિલ્ટોન પેકેજ 6,50,000 ₹
ડિલક્ષ પેકેજ 6,00,000 ₹
રવાનગી ૪-૧૧-૨૦૨૪
વેકેશન ઉમરાહ 2024 ડિલક્ષ પેકેજ
દિવસ ૧૫ ₹86,000/-
દિવસ ૨૦ ₹95,000/-
માંડવી થી માંડવી ★ ભુજ થી ભુજ
અમારા તરફથી આપવામાં આવતી કિટ
મોટું બેગ, પાસપોર્ટ બેગ, મુસલ્લો, સ્લીપર બેગ, ઉમરાહની કિતાબ, ૭ દાણાવાળી તસ્બીહ, લોન્ડ્રી, ૫ લી. ઝમઝમ, ૩ ટાઈમ કચ્છી અને ગુજરાતી શુદ્ધ ભોજન, અનુભવી ગાઈડ પુરા સફરમાં સાથે રહેશે.
અમારી સર્વિસીસ
મક્કા અને મદીના શરીફની જીયારતો, મસ્જીદે જુરાનાથી ઉમરાહ, તાઈફની જીયારત સાથે ઉમરાહ, મેદાને બદરની જીયારત
ઉમરાહમાં જતા પહેલા ઉમરાહની તરબીયત અને તમામ અરકાનો તથા સફરની તમામ જાણકારી આપવામાં આવશે
એહમદ મેમણ, ભુજ 9998707032
પરવેઝ શેખ, ભુજ 8140585252
મહેબુબ બલોચ, માંડવી 8866462757
અબ્દુલગની જત, ભુજ 9978862189
ઈમ્તિયાઝ સમા, ભુજ 9974759494
મહેમુદશા સૈયદ, ધ્રબ-મુંદરા 8160601699
સૈયદ હકીમશા, સલાયા 9586436163
અસલમ સોઢા, નલીયા 9106602051
હેડ ઓફિસ : શોપ નં. ૩, દિતી આર્કેડ, ભાદરકા હોસ્પિટલ સામે, હોસ્પિટલ રોડ, ભુજ. ઈરફાન મેમણ - ૮૪૬૯૧ ૭૧૯૮૪
માંડવી ઓફિસ : કલવાન રોડ, જોશી રોટીવાલાની ઉપર, માંડવી-કચ્છ. આસીફ તુરીયા - ૮૫૩૦૩ ૫૪૮૮૬

બે–ખુદી બે–સબબ નહીં ગાલિબ,
કુછ તો હૈ જિસકી પર્દાદારી હૈ.
– મિર્ઝા ગાલિબ

ફારૂક સાપ્તાહિક
તંત્રી સ્થાનેથી...

નશાની લત યુવા જિંદગીઓ બરબાદ કરી રહી છે

આ માસના પ્રથમ સપ્તાહે ગુજરાત નાર્કોટિક્સ બ્યુરો અને ગુજરાત આતંકવાદ વિરોધી દળે એક સંયુક્ત ઓપરેશનમાં ભોપાલ (મધ્યપ્રદેશ)ના ઔદ્યોગિક વિસ્તારમાં મેફેડ્રોન એમ. ડી. બનાવતી ફેક્ટ્રીનું પર્દાફાશ કરી 907 કિલ્લો નશીલો પદાર્થ ઝડપ્યો છે જે નાર્કોટિકની કિંમત રૂા. 1800 કરોડ થી વધુ છે. કચ્છમાં ગાંધીધામના પરા સમાન ખારી રોહરની સીમમાંથી પૂર્વ કચ્છ પોલીસે રૂા. 120 કરોડ કિંમતનો કોકેઈનનો નધણિયાતો જથ્થો ઝડપી પાડ્યો છે. નાર્કોટિક ડ્ર્ગ્સનું આટલા મોટા પ્રમાણમાં ઉત્પાદન થઈ રહ્યું છે. ડ્રગ્સનું નેટવર્ક એટલો આયોજનબધ્ધ પ્રસરાયેલો છે કે કચ્છના અંતરિયાળ વિસ્તાર સુધી જરૂરત મુજબનો પુરવઠો પહોંચી જાય છે. કચ્છ સરહદી જીલ્લો છે. કચ્છનો અધિકાંશ ભાગ સમુદ્ર અને આંતરરાષ્ટ્રીય સરહદથી ઘેરાયેલો છે. કચ્છમાં પ્રવેશવાના બે મુખ્ય માર્ગ છે આડેસર અને સુરજબારી. આ બન્ને માર્ગો પર અનેક ચેક પોસ્ટ્સ આવેલી છે. ગુપ્તચર સંસ્થાઓ પણ આ વિસ્તારમાં સતર્ક રહે છે તેમ છતાં ડ્રગ્સ કચ્છ જીલ્લામાં પ્રવેશે અથવા બહાર જાય છે. દરિયાકાંઠા પરથી મળતા બિનવારિસ ડ્રગ્સના પેકેટ રોજીંદા સમાચાર બની ગયા છે. અરબી સમુદ્રમાંથી ડ્રગ્સની ખેપો પકડાઈ છે. કચ્છમાં ડ્રગ્સની અવર–જવર સમગ્ર દેશ માટે ચિંતાનો કારણ છે સાથે કચ્છના યુવાઓ માટે ખાસ ચિંતાનો વિષય છે. ડ્રગની લતથી ન ફક્ત યુવાઓને શારીરિક – માનસિક અસર થાય છે બલ્કે તેની આડ અસરથી સૌહાર્દભર્યા વાતાવરણથી માંડી સામાજિક – પારીવારિક સ્તરે મોટું નુકસાન થઈ રહ્યું છે.

તા. 12-9 ના ભુજ તાલુકાના નારાણપર ગામે બે સગા ભાઈઓની હત્યા થઈ તે હત્યાનો એક પરપ્રાંતીય આરોપી અગાઉ ગાંજાના કેસમાં પકડાઈ ચૂક્યો હતો. આ બન્ને મુસ્લિમ યુવાઓ ઉ.વ. 32 અને 28 ની હત્યા પાછળ પણ નશાની લત કારણભૂત હોવાનું કહેવાય છે. આ હત્યાનો બનાવ મધ્ય રાત્રીએ બન્યો તે સાંજે જ એક મુસ્લિમ યુવકે ચરસ – ગાંજા વેંચતા શખ્સને ઠપકો આપ્યો હતો અને યુવાનોની જિંદગી બરબાદ ન કરવા સમજાવ્યું હતું ત્યારે બન્ને વચ્ચે બોલાચાલી – ઝપાઝપી થઈ હતી તેવું જાણવા મળ્યું હતું અને તે જ રાત્રીએ સમજાવવા આવનાર યુવક અને વચ્ચે આવનાર તેના ભાઈની હત્યા નિપજાઈ હતી. તા. ૩–૧૦ ના સંજોગનગરમાં બે મુસ્લિમ યુવાઓ જેઓ મિત્રો હોવાનું કહેવાય છે તેમના વચ્ચે ઝગડો થયો અને 18 વર્ષીય યુવકની હત્યા થઈ આ મામલામાં પણ નશો કારણભૂત હોવાનું મનાઈ રહ્યું છે. તા. ૫–૧૦ ની સાંજે સુમરા ડેલી ત્રણ રસ્તા પાસે નજીવી બાબતમાં સામ સામે યુવકોએ છરી કાઢી લીધી હતી પરંતુ સાથે મિત્રોએ બન્ને યુવકોને સમજાવી લેતાં ઝગડાએ ગંભીર રૂપ ધારણ કર્યું ન હતું.

ભુજના મોટાપીર રોડ પર ત્રીભેટે અને ચોકડીએ નશેડી યુવકોનો જમાવડો રાત્રીએ જામે છે તેવું જાણવા મળી રહ્યું છે. આસ–પાસના રહીસો આ દુષણથી ત્રસ્ત છે પરંતુ ફરિયાદ માટે ખુલ્લીને બહાર આવી શકતા નથી તેમને એ ડર સતાવે છે કે જો ગુપ્ત રાહે પોલીસને જાણ કરી દીધી અને તેમનું નામ એ ઈસમો સુધી પહોંચી જશે તો તેમની મુશ્કેલીમાં ઓર વધારો થઈ જશે. પ્રાપ્ત થતી વિગતો મુજબ મુસ્લિમ હાઈસ્કૂલ ચોકડીથી શરૂ થતા રીંગ રોડથી પીર જમાલશા ચોકડી – આત્મારામ સર્કલ અને R.T.O. સર્કલ તરફ જતા ભુજીયાની તળેટીમાં આવેલ માર્ગ પર નશીલા પદાર્થોની સપ્લાય છૂટ થી થાય છે. તેવી જ સ્થિતિ એરપોર્ટ રીંગ રોડથી નાગોર રોડ ફાટક સુધીની છે. પાન મસાલા – તમાકુઓની પડિકીઓને ખાલી તે પડિકીઓમાં નશીલા પદાર્થો ભરી સૂર્યાસ્ત બાદ ડિલીવરીઓ થાય છે જે એક પડીકીની કિંમત રૂા. ૩ થી ૪ હજાર વચ્ચે હોય છે.

સરળતાથી ઉપલબ્ધ થતા આ નશાથી અનેક પરિવારોનું સુખચૈન લૂંટાઈ રહ્યું છે. નશાની લતે ચડેલા યુવકો ઘર, કુટુંબ, સમાજ માટે માથાનો દુખાવો બની જાય છે. કોઈ કામ ધંધા કરવાને લાયક રહેતા નથી અને નશાની આદતમાં વિવશ બની ખોટા ધંધાઓના રવાડે ચડી જાય છે અથવા કર્ઝામાં ડૂબી જાય છે. 18 થી 35 વર્ષના યુવકો બેફામ બની જાય છે અને વાત વાતમાં છરીઓ કાઢી લેવી તેમના માટે સામાન્ય બાબત બનતી જાય છે. આ દૂષણ મોટા ભાગે ભુજના મુસ્લિમ વિસ્તારોમાં નજર આવે છે જે આવનારી પેઢીને તબાહ કરી રહ્યો છે.

વડનગરના ધારાસભ્ય જીજ્ઞેશભાઈ મેવાણીએ બોર્ડર રેન્જના આઈ.જી. શ્રીને ખુલ્લો પત્ર લખ્યો છે જે સોશ્યલ મીડિયામાં ફરી રહ્યો છે તે પત્રમાં પણ ભુજના સંજોગનગર, ભીડ ગેટ, સરપટ ગેટનો ઉલ્લેખ જે મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તાર છે. પત્રમાં પોલીસના ઉચ્ચ અધિકારીઓ તથા અન્ય કર્મીઓની મીલીભગત હોવાની સંભાવના દર્શાવાઈ છે અને તેની યોગ્ય તપાસ કરવાની માગણી કરાઈ છે.

શરઈ અહકામ

(કુર્આન શરીફ અને અહાદીસે મુબારકાની રોશનીમાં)

સંકલન : હસીનાબેન એ. મારા (B.Sc., B.Ed.), ભુજ–કચ્છ.

વુઝૂ

(ગતાંકથી ચાલુ)

ઘણાં લોકોના હાથમાં વીંટી હોય છે, જો વીંટી ઢીલી છે તો વાંધો નથી, પરંતુ જો સખત છે, હંમેશા ચોવીસે કલાક તેની આંગળીમાં રહે છે ઉતારતા નથી. (અલ્લાહ તબારક વ તઆલાએ બન્ને હાથને કોણી સુધી ધોવાનો હુકમ ઈર્શાદ ફરમાવ્યો છે. હાથની શરૂઆત આંગળીની ટોચથી કરીને કોણીનાં નીચેના ભાગ સુધી છે. આ આખું હાથ કહેવામાં આવે છે, આથી આખા હાથને ધોવું ફરજ છે) જો વીંટી એટલી બધી સખત છે (ચોટેલી છે) કે પાણી તેની નીચે જઈ શકે તેમ નથી તો દેખીતી વાત છે કે ફરજ અદા નહિં થાય, વુઝૂ મુકમ્મલ નહિં થાય તો નમાઝ પણ નહિં થાય. જો કોઈ વીંટી કે જે હલી પણ નથી શકતી એને ઉતારવી જ પડશે અને ન ઉતરે તો તેને કાપીને દૂર કરો. પણ જો વીંટી ઢીલી છે તો મુસ્તહબ છે કે વીંટીને થોડી હલાવી લેવામાં આવે જેથી પાણી તેના નીચે સરળતાથી પહોંચી જાય અને આપણને સંતોષ થઈ જાય. જો સખત વીંટી છે અને હલાવવાથી તેના નીચે પાણી પહોંચી શકે તેમ છે તો તેને હલાવવું મુસ્તહબ છે.

ઘણી બહેનોને જોઈએ છીએ કે, તેમના હાથમાં નેઈલ પોલિશ કરેલી હોય છે, પગની આંગળીઓમાં પણ નેઈલ પોલિશ હોય છે, તેઓ નેઈલ પોલિશ સાથે જ વુઝૂ કરી લેતી હોય છે, એમાં જ નમાઝ પઢે છે, કુર્આનની તિલાવત પણ એમાં જ થાય છે. આ રીતે નેઈલ પોલિશ લાગેલી હોય એ હાલતમાં જ વુઝૂ કે ગુસલ કરવું, એનાથી તહારત પ્રાપ્ત થતી નથી (વુઝૂ કે ગુસલ થતું નથી) કારણકે એવી કોઈપણ વસ્તુ જે તમારી ચામડી પર એક પડ (સ્તર) બનાવી દે અને પાણી ચામડી કે નખ સુધી પહોંચતા અટકાવી દે એવા પડને દૂર કર્યા સિવાય વુઝૂ કે ગુસલ થઈ શકતો નથી. નેઈલ પોલિશ લગાડવાથી પણ એક પડ બની જાય છે, જો કોઈ બહેન એમ કહે કે અમે વુઝૂ કરીને નેઈલ પોલિશ લગાવી છે તો તે બાવુઝૂ છે, તે નમાઝ પઢી શકે છે. પરંતુ જો આ જ હાલતમાં તેનુ વુઝૂ તૂટી ગયું તો દેખીતી વાત છે કે, તેણે નવેસરથી વુઝૂ કરવા માટે આ પડને હટાવવું પડશે. જો નહિં હટાવે તો આ પડ નખ સુધી પાણીને પહોંચવા નહિં દે અને એટલો ભાગ વુઝૂ કર્યા સિવાયનો રહી જશે. આથી તે ગુનાહગાર પણ થશે. જો એ જ હાલતમાં નમાઝ પઢી તો તે મકબૂલ નહીં થાય.

ફુકહા એ ઈઝામ કેટલીક બાબતોમાં આવા પડના સંદર્ભમાં છૂટછાટ આપે છે (શરીઅત તેને ઈજાઝત આપે છે) જેમ કે કોઈ રાઈટર સતત લખે છે, તેના હાથ પર શાહિના ડાઘ લાગી જતા હોય છે એ જ રીતે મેકેનિકનાં હાથ પર ઓઈલ કે ગ્રીસ હાથની અંદર ચામડીની ભાગમાં ઘુસી જતો હોય છે કે ગમે તેટલી કોશિષ કરો એ નિકળતું નથી.

એ જ રીતે જે લોકો તન્નુર પર કામ કરતા હોય છે, નખમાં લોટ ફસાઈ જતા હોય છે અને તે એટલો બધો સખત થઈ જાય છે કે, વારંવાર તેને દૂર કર્યા પછી પણ ફરી પાછો લાગી જાય છે, આ રીતે કોઈ ધંધાદારી વ્યક્તિ હોય તો ફુકહાએ ઈઝામે વારંવાર તેને દૂર કરવાની તકલીફથી બચવા માટે તેને ઈજાઝત આપી છે કે થોડા ઘણાં પ્રમાણમાં આ પડ રહી જશે તો વાંધો નથી. પ્રથમ તેને દૂર કરવાની કોશિષ કરો, છતાં નથી થઈ શકતું, થોડું ઘણું રહી જાય છે તો શરીઅતે તેને માફ રાખ્યું છે. પરંતુ નેઈલ પોલિશ માટે આ ઉઝર નથી, કારણ કે નેઈલ પોલિશને રિમુવર દ્વારા સરળતાથી દૂર કરી શકાય છે. આથી નેઈલ પોલિશ કાઢીને જ વુઝૂ કરવામાં આવે.

એ જ રીતે બહેનો પોતાના નખ પર આર્ટીફિશિયલ (કૃત્રિમ) નખ કે પાંપણ લગાડે છે, તો અહીં પણ એ જ વાત છે કે જો તેના નખ કે પાંપણ સુધી પાણી નહિં પહોંચે તો વુઝૂ થશે જ નહિં અને જો વુઝૂ કર્યા બાદ તેને લગાડે અથવા તો લગાડયા પછી પાણી નખ કે પાંપણ સુધી પહોંચી જાય તો વુઝૂ થઈ જશે અન્યથા વુઝૂ થશે નહિં.

લોકો પોતાના ચહેરા પર ક્રીમ – વેસલીન વગેરેનો ઉપયોગ કરતા હોય છે અને ત્યારબાદ વુઝૂ કરવામાં આવે તો અહીં બે પ્રકાર છે, એક તો વેસલીન લગાડીને સારી રીતે ઘસી લીધું, તેની ચીકાશ બાકી છે પરંતુ તેનાથી કોઈ સ્તર બનતું નથી. બીજો પ્રકાર એ પણ છે કે, વેસલીન લઈને તેને હાથ કે ચહેરા પર મૂકી દીધી તેનું એક પડ બની ગયું (સ્તર જામી ગયું) જો આ દ્રવ્ય ઉપસેલો દેખાય છે તો એનાથી વુઝૂ થશે નહિં, હવે જો એવી રીતે લગાડી દીધું કે તેની ચીકાશ તો બાકી છે પરંતુ કોઈ સ્તર બનતો નથી (તેનો કોઈ દ્રવ્ય બાકી નથી) પાણી એ ચીકણાઈના કારણે લપસીને પડી જાય છે. ફુકહાએ ઈઝામે તેની ઈજાઝત આપી છે, આ રીતે વુઝૂ થઈ જશે.

શિયાળાની ઋતુમાં ખાસ કરીને જ્યારે ચહેરા પર સાબુ લગાડવામાં આવે છે, જેથી ચામડી સુકી જાય છે અને સુકી ચામડી પર ક્રીમ – વેસલીન લગાડવામાં આવે છે. વુઝૂ કર્યા બાદ જ્યારે ક્રીમ – વેસલીન લગાડવામાં આવે તો એનાથી વુઝૂ પર કંઈ ફરક પડતો નથી. જો લગાડ્યા બાદ વુઝૂ તૂટી ગયું તો જેટલું ક્રિમ કે વેસલીન લગાડ્યો છે તેનો પ્રમાણ જોવામાં આવશે, જો એનાથી સ્તર બને છે તો તેને દૂર કરીને વુઝૂ કરવામાં આવે. **(ક્રમશઃ)**

(પ્રથમ પાનાથી ચાલુ)

નફરતબાજ નરસિંહાનંદની..

નરસિંહાનંદની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારે તેને એ શરતે જામિન પર છોડવામાં આવ્યો હતો કે તે ભડકાઉ ભાષણો નહીં કરે પરંતુ તે સતત આ શરતનો ઉલ્લંઘન કરતો આવ્યો છે. મૌલાના કાસમીએ કહ્યું કે, આ વખતે તેણે પગયમ્બરે ઈસ્લામની શાનમાં ગુસ્તાખી કરીને તમામ હદો ઓળંગી નાખી છે જે સહન કરી શકાય તેમ નથી. ભારતીય ન્યાય સંહિતા 2023ની કલમ 79, 196 (A), 197 (C) અને (D), 299, 302 અને 352 હેઠળ સખત કાર્યવાહી કરવામાં આવે જેથી કસૂરવારને તેની સજા મળી શકે. એડવોકેટ આકિબ બેગે કહ્યું કે, ગાઝિયાબાદમાં જે FIR નોંધાઈ છે તેમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ – 302 હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે જે પર્યાપ્ત નથી કારણ કે તેનાથી અપરાધીને બચી નિકળવાની તક મળી શકે છે. તેમણે માગ કરી છે કે ઉક્ત કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવે.

ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ

તા. 4-10 ના ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ (AIMPLB) ના અધ્યક્ષ મૌલાના ખાલિદ સૈફુલ્લાહ રહેમાનીએ અખબારી યાદીમાં કહ્યું છે કે, બદ્ઝુબાન નરસિંહાનંદ દ્વારા ઈસ્લામના પયગમ્બર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની શાનમાં કહેવામાં આવેલા નિંદનીય શબ્દ અત્યંત અસહ્ય છે અને લાલ રેખાના ઉલ્લંઘન બરાબર છે, સરકારે આવા બદ્ઝુબાન વ્યક્તિ પર મામલો ચલાવવો જોઈએ અને તેનો સાચો ઠેકાણો અર્થાત્ જેલ ભેગો કરવો જોઈએ કારણ કે આનાથી લાખો મુસલમાનોની લાગણીને ઠેસ પહોંચી છે અને જો પ્રતિક્રિયામાં યુવાઓ ઉશ્કેરાઈ ગયા તો આખા દેશની શાંતિ વ્યવસ્થા ભંગ થઈ શકે છે.

તેમણે કહ્યું કે, ઈસ્લામની માન્યતા સ્પષ્ટ છે કે સર્વે ધર્મોના જે પવિત્ર વ્યક્તિત્વ છે, ચાહે અમે તેના પર વિશ્વાસ રાખતા હોઈએ કે ન રાખતા હોઈએ અમારા માટે તે મહત્વપૂર્ણ છે કે તેમનો આદર કરવામાં આવે – અનાદર કરવાથી બચવામાં આવે અને તેમના અનુયાયીઓના દિલોને ઠેંસ પહોંચાડવાથી બચવામાં આવે. ઈસ્લામ એક ખુદામાં માને છે, મૂર્તિપૂજામાં નથી માનતો પરંતુ જે દેવી – દેવતાઓની પૂજા અન્ય સમુદાય કરે છે તેમને સારો–નરસો કહેવાની મનાઈ કુર્આનમાં છે. આ છે ધર્મ, આસ્થા અને ધર્મના મામલામાં તે સાચો માર્ગ જેનાથી સમાજમાં શાંતિ વ્યવસ્થા કાયમ રહી શકે છે, અને સમાજના તમામ વર્ગોને જોડી રાખી શકે છે.

મૌલાના રહમાનીએ મુસલમાનોને અપીલ કરી છે કે આ બુધ્ધીહિન વ્યક્તિનો બયાન છે, સામાન્યજનના આ વિચાર નથી. આપણા દેશમાં આજે પણ એવા દેશબાંધવો છે અને અગાઉ પણ થઈ ચૂક્યા છે જેમણે આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સીરત (જીવન ચરિત્ર) લખ્યું છે, નાતીયા કલામ કહ્યા છે. આપણી સામે ગાંધીજીના ઉપદેશો છે જેમણે આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને આજની માનવતા માટે આદર્શ કહ્યા છે તેવું કાર્યાલય મંત્રી ડો. વકારૂદ્દીન લતીફીએ અખબારી યાદીમાં કહ્યું છે.

ઓલ ઈન્ડિયા સુન્ની જમીયતુલ ઉલમા

મુંબઈ સ્થિત ઓલ ઈન્ડિયા સુન્ની જમીયતુલ ઉલમાના ઉપાધ્યક્ષ મોહમ્મદ સઈદ નૂરીએ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેને પત્ર લખીને રજૂઆત કરી છે કે, ઘણાં જ આઘાત અને અત્યંત આક્રોશપૂર્વક જણાવવાનું કે નફરતબાજ યતિ નરસિંહાનંદે ઈસ્લામ અને મુસ્લિમો પ્રત્યે નફરતની તમામ મર્યાદાઓ ઓળંગી પયગમ્બરે ઈસ્લામ વિરૂધ્ધ ભાષણ આપ્યું છે જે X પર ઉપલબ્ધ છે.

નરસિંહાનંદને જામિન આપતી વખતે સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કહ્યું છે કે, જો તે કોઈ નફરતી ભાષણ આપશે તો તરત જ તેના જામિન રદ્ થઈ જશે આથી તેણે કોર્ટનું પણ અનાદર કર્યું છે તેથી તેને જેલના સળીયા પાછળ હોવું જોઈએ. દર સપ્તાહે કોઈ એક પૂજારી ઈસ્લામના પવિત્ર પયગમ્બરનું અપમાન કરી નફરત ફેલાવવાનો અપરાધ કરી રહ્યો છે જાણે કોઈએ તેમને આ કામ સોંપેલ હોય. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે અમો વિનંતી કરીએ છીએ કે સ્થિતિ વણસે તે પૂર્વે આ દુઃસાહસ તરત જ રોકવામાં આવે.

સાંસદ ઈકરા હસન

લોકસભાના સાંસદ ઈકરા હસન (સમાજવાદી પાર્ટી)એ કહ્યું છે કે, યતિ નરસિંહાનંદ જેવા લોકોએ ફરી પોતાના મોઢામાંથી ઝેર ઓક્યું છે. અમારા પ્યારા નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમની શાનમાં ગુસ્તાખી કરી છે જે સૌ માટે સહન ન કરી શકાય એવી બાબત છે. પ્યારા નબી જે સમગ્ર વિશ્વ માટે દયા અને શાંતિનો પયગામ લઈને આવ્યા છે તેમની શાનમાં નરસિંહાનંદે પોતાની ગંદી જુબાનથી અપમાન કરી રહ્યો છે. દરેક અમનપસંદ ભારતીય ચાહે તે હિન્દુ હોય કે મુસ્લિમ સૌ માટે સહન ન કરી શકાય એવી બાબત છે. તે દરેક વખતે પોતાની જીભથી નફરતના બી વાવી કાયદા સામે છટકી જાય છે કારણ કે રાજ્ય સરકારો પ્રમાણિકતાથી પોતાનો કર્તવ્ય નથી નિભાવી રહી. હું કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોના જવાબદારોને કહેવા માંગુ છું કે હવે તેમનો આ ડોલમડોલ વલણ નહીં ચાલે. યતિ નરસિંહાનંદ અને તેના જેવા પાખંડીઓ સામે ફક્ત કાગળોની કાર્યવાહી ન કરવામાં આવે બલ્કે હેટ સ્પીચ, UAPA અને NSA ની ગંભીર કલમો તળે કાર્યવાહી કરવામાં આવે કે જેથી તે ઉદાહરણ બની શકે કે ભવિષ્યમાં કોઈ એવો દુઃસાહસ ન કરી શકે. આવું ન થવા પર અમો સંસદ અને સુપ્રીમ કોર્ટમાં દરેક શક્ય કાર્યવાહી કરશું, અમારો વિરોધ નોંધાવશું અને બંધારણે અમને ઉન્નત મસ્તકે જીવવાનો જે અધિકાર આપ્યો છે તેને પ્રાપ્ત કરીને રહીશું, હરગિઝ ચુપ નહીં બેસીએ.

અસદુદ્દીન ઓવૈસી

AIMIMના વડા અને સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું કે, દશેરાના રાવણનો પૂતળા દહન કરવામાં આવે છે, ક્યાંથી આ વાતો આવી રહી છે ? અમારા મુસલમાનોમાં જે લોકો ઈન્તકાલ કરી જાય છે તેમને અમે દફનાવીએ છીએ, બાળતા નથી અમે. આ અમારો ધાર્મિક કર્તવ્ય છે અને તમે અમારા પયગમ્બર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અંગે... જેમના અંગે મહાત્મા ગાંધીએ શું કહ્યું છે વાંચી લો તમે. જેમના અંગે મોટા મોટા હિન્દુ વિદ્વાનોએ શું કહ્યું છે વાંચી લો તમે. તમે એમના અંગે કહી રહ્યા છો જે સમગ્ર વિશ્વ માટે દયા બનીને આવ્યા છે તેમના અંગે એલફેલ બોલી રહ્યા છો. આ લોકો બકવાસ કરી રહ્યા છે, મહારાષ્ટ્ર હોય કે ગાઝિયાબાદ – ધાસની હોય કારણ કે ભાજપ અને સરકાર તેમની સાથે છે. કાલે કોઈ કહેશે કે હૈદરાબાદ કે દિલ્હીમાં હું વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પૂતળાને બાળીશ તો પોલીસ કેવી સક્રીય થઈ જાય છે, તરત જ તેની વિરૂધ્ધ ગુનો દાખલ કરે છે. અહીં તો મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અંગે આવી વાતો કરી રહ્યા છે, કેવી રીતે આવું થઈ શકે છે ? સરકારે પોતાનો બંધારણીય કર્તવ્ય નિભાવવો પડશે, આ ઠીક નથી થઈ રહ્યું. આનાથી ભારતનું નામ સમગ્ર વિશ્વમાં ખરાબ થઈ રહ્યું છે.

ઝિક્રે દુરૂદ વ ઈસ્તિગફાર

(ન્યૂઝ ડેસ્ક) તા. ૧૬–૧૦, બુધવારના બપોરે ૩:૩૦ કલાકે બહેનો માટે દુરૂદ અને ઈસ્તિગફારની બખ્શિસનો પ્રોગ્રામ રાખવામાં આવેલ છે. સ્થળ : મદરસા ગુલશને ફાતેમતુઝ્ઝહરા, સરપટ ગેટ અંદર, ભુજ.

શાને શેખ અબ્દુલકાદર જીલાની

(રહેમતુલ્લાહ અલયહે)

રચના : શાહ અબ્દુલલતીફ ભિટાઈ (રહ.)

મીરા શાહ મદદ થી મોહ્યુદ્દીન મલી મલી
આંઈયે અબ્દુલ લતીફ જો વસીલો વલી
હસન પીર હલી કરકા મોહાડ મુરીદ તેં

મીરા શાહ મદદ થી ધાહ સુણ ધાધી
આંઈયે અબ્દુલ લતીફ જો હસની તું હાદી
બાદશાહ બગદાદી કરકા મોહાડ મુરીદ તેં

મીરા શાહ મદદ કર અચી ઓખી વેર
લિલ્લાહ લગ લતીફ ચેં ભર પાંજી ડે પેર
ઔલાદ અલી શેર કરકા મોહાડ મુરીદ તેં

પીર મુહીંજો બાદશાહ વલી સબ વઝીર
હલન હઝરત પીર ડે ફોઝો કેયો ફકીર
જો અસીરો અમીર સો ગંમ ગેલાની (જીલાની) કાટીએ

મું તુહીંજો આસરો મું તુહીંજો ડઢ
મતા મું મ કઢ પીર પહીંજા હથડા

પેશકસ : ખત્રી ઈમ્તિયાઝ રઝવી નોઅ્માની, ભુજ–કચ્છ.

ઈબાદત સપ્તાહ

તારીખ	સૂર્યોદય	સૂર્યાસ્ત	ઝવાલ	અસર	મગરીબ	ઈફતાર
૧૪–૧૦–૨૪	૬–૫૦	૬–૨૮	૧૨–૩૯	૪–૪૫	૫–૨૬	૬–૩૨
૧૫–૧૦–૨૪	૬–૫૧	૬–૨૮	૧૨–૩૯	૪–૪૫	૫–૨૬	૬–૩૨
૧૬–૧૦–૨૪	૬–૫૧	૬–૨૭	૧૨–૩૯	૪–૪૫	૫–૨૬	૬–૩૧
૧૭–૧૦–૨૪	૬–૫૧	૬–૨૬	૧૨–૩૯	૪–૪૫	૫–૨૬	૬–૩૦
૧૮–૧૦–૨૪	૬–૫૨	૬–૨૬	૧૨–૩૯	૪–૪૦	૫–૨૭	૬–૩૦
૧૯–૧૦–૨૪	૬–૫૨	૬–૨૫	૧૨–૩૯	૪–૪૦	૫–૨૭	૬–૨૯
૨૦–૧૦–૨૪	૬–૫૨	૬–૨૪	૧૨–૩૮	૪–૪૦	૫–૨૭	૬–૨૮

બાજુમાં દર્શાવેલ સમય ભુજ-માંડવી માટે છે.

કચ્છના અન્ય શહેરો માટે નીચે પ્રમાણે મિનિટો વધ-ઘટ કરવી

મુંદરા માટે ૨ મિનિટ બાદ કરવી
અંજાર માટે ૩ મિનિટ બાદ કરવી
કંડલા માટે ૩:૩૦ મિનિટ બાદ કરવી
ભચાઉ માટે ૫ મિનિટ બાદ કરવી
રાપર માટે ૬ મિનિટ બાદ કરવી
નખત્રાણા માટે ૨ મિનિટ ઉમેરવી
નલિયા માટે ૩ મિનિટ ઉમેરવી
લખપત માટે ૪ મિનિટ ઉમેરવી

હજ કમિટીમાં કચ્છનાં ૪૮૮ હજ ઈચ્છુક સિલેક્ટ થયા

તા. ૨૧–૧૦ સુધી રૂા. ૧,૩૦,૩૦૦/– એડવાન્સ રકમ વ્યક્તિ દિઠ ભરવાની રહેશે

(ન્યૂઝ ડેસ્ક)

તા. ૭–૧૦–૨૪ ના હજ કમિટી મારફત હજ–૨૦૨૫ માટે થયેલ અરજીઓનું ડ્રો (કુર્રા) મારફત સિલેકશન (પસંદગી) થયેલ. કચ્છમાંથી કુલ ૮૭૬ અરજીઓ થઈ હતી જેમાંથી ૪૮૮ જણની અરજીઓ સિલેક્ટ કરવામાં આવી છે. બાકી ૩૮૮ અરજીઓ પ્રતિક્ષા યાદીમાં રાખવામાં આવી છે. સંજોગો પ્રમાણે જગ્યા ઉપલબ્ધ થવાથી પ્રતિક્ષા યાદીને ક્રમશઃ પસંદ કરવામાં આવશે. ગુજરાતમાંથી કુલ ૨૪,૪૮૪ અરજીઓ થઈ હતી જેમાંથી ૧૫,૮૯૯ અરજીઓ સિલેક્ટ થઈ છે. ૮૫૮૫ અરજીઓ પ્રતિક્ષા યાદીમાં છે. ભારતમાં સૌથી વધુ અરજીઓ ગુજરાત રાજયમાંથી થઈ છે. મહારાષ્ટ્રમાંથી ૨૩૩૯૫ અરજીઓ થઈ છે જેમાંથી ૧૭૩૯૭ અરજીઓ પસંદ થઈ છે. પસંદ થયેલ અરજીઓમાં દ્વિતીય ક્રમ ગુજરાત રાજયનો છે. ભારતમાંથી કુલ ૧,૨૦,૯૬૧ હાજીઓ હજ કમિટી મારફત હજ અદા કરશે.

ગુજરાત રાજ્ય હજ કમિટીના પ્રમાણિત ટ્રેઈનર અબ્દુલરશીદભાઈ ખત્રીએ જણાવ્યું છે કે, કુર્રામાં પસંદ થયેલ (પ્રોવિઝન પાસ થયેલ) હજ ૨૦૨૫ ના અરજદારોએ તા. ૨૧–૧૦–૨૪ સુધી રૂા. ૧,૩૦,૩૦૦/– એડવાન્સ વ્યક્તિ દિઠ હજ કમિટીની નિયત કરેલ પે–ઈન સ્લીપથી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા અથવા યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયામાં રોકડા અથવા હજ કમિટીની વેબસાઈટ પરથી ઓનલાઈન ભરી શકાશે. રકમની પહોંચ સાથે પાસપોર્ટની સ્વપ્રમાણિત ઝેરોક્ષ, અરજી ફોર્મની પ્રિન્ટ કાઢી હજયાત્રીએ વારસદાર – મહેરમની સહી કરાવી તેમજ નિયત કરેલ મેડિકલ સર્ટિફિકેટ સરકારી ડોકટરના સહી સિક્કા કરાવી હજ હાઉસ અમદાવાદને તા. ૨૧–૧૦–૨૪ સુધી પહોંચાડવાના રહેશે.

નલીયા : સેંટ ઝેવિયર્સ શાળામાં બાળ વિજ્ઞાન પ્રદર્શન યોજાયો

(ન્યૂઝ ડેસ્ક)

તા. ૧–૧૦ ના નલીયા સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલમાં શ્રી જામ અબડા શાળા વિકાસ સંકુલ નલીયા SVS કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૦૨૪–૨૫ યોજાયો. ભાવનાબા સુરેન્દ્રસિંહ જાડેજા, અમિત ધોળકિયા, ડો. મિહિર વોરા, નારાયણશ્રી મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહ્યા હતા.

TPO હુસૈન હિંગોરા, લાયઝન ઓફિસર ડાયટ એ.પી. સુથાર, અધ્યક્ષ એન. એ. મન્સૂરીએ બાળકોની અંદર પ્રતિભાવો ખીલવવા બાળકોને જરૂરિયાત મુજબ મદદ કરવા પોતાના વકતવ્યમાં જણાવ્યું.

કાર્યક્રમનું સંચાલન હિતેશ વાસાણીએ કર્યું. આભારવિધિ આચાર્ય ફાધર જયસન જોશેફ દ્વારા કરવામાં આવી.

બન્નીમાં ગાંધી જયંતિએ રમત વડે રાજરમતનો વિરોધ કરાયો

(ન્યૂઝ ડેસ્ક)

બન્નીમાં ગાંધી જયંતિ નિમિત્તે યાકુબ મુતવા દ્વારા ધરી રાંધ–વંજ પટ્ટી રમતનું આયોજન કરાયું હતું જેમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા. આયોજનનું મકસદ યુવા ખેલાડીઓને પ્રોત્સાહિત અને અહિંસા દિવસ નિમિત્તે તંત્રને ફરી અપીલ કરવામાં આવી કે, બન્નીમાં વનતંત્ર પોતાની મનમાની બંધ કરે, ખાઈ ના નામે કતલખાનું બંધ કરે. ચિતા જેવા બન્ની માટે હિંસક પ્રોજેક્ટ રદ કરે અન્યથા ૨૬ જાન્યુઆરીના રોજ યુવાનો નિકળશે અને કાનૂન ભંગ કરી ફોરેસ્ટની ખાઈઓ દાટી નાખશે. હાજીઈબ્રાહીમ હાલેપોત્રાએ પ્રવચનમાં કહ્યું કે, યુવાનો એક મંચ ઉપર આવે તો ફોરેસ્ટની તાકાત નથી કે હેરાન કરી શકે.

ઈસા હુસૈન મુતવા, સાલેમામદ હાલેપોત્રા, કલાધર મુતવા, અનવર એન. હાલેપોત્રા મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

ધરીરાંધ રિલ્ડી અને શેરુંવા ટીમ વચ્ચે જંગ જામી હતી જેમાં શેરુંવા ટીમ વિજેતા થઈ હતી જેને આગેવાનો દ્વારા ઈનામ – ટ્રોફી અપાઈ હતી.

આયોજનને સફળ બનાવવા અહેમદ મુતવા, જુસબ હાલેપોત્રા, અયુબ હાલેપોત્રા, અભુ હાલેપોત્રા, જાવેદ મુતવા, નવાબ હાલેપોત્રા, સરુ જત, હુસૈન જત, શકીલ મુતવા, મુસ્તાક નોડે વગેરે જોડાયા હતા.

ગ્યારવીં ૧૪–૧૦ ની સાંજે

(ન્યૂઝ ડેસ્ક) કચ્છ સુન્ની ચાંદ કમિટીના પ્રમુખ પીર સૈયદ અહમદશા અલહુસૈની અને કચ્છ મુસ્લિમ સમાજ ચાંદ કમિટીના પ્રમુખ મૌલાના અલ્હાજ ઈલ્યાસ ફલાહીએ અલગ અલગ યાદીઓમાં જણાવ્યું છે કે, કચ્છમાં માહે રબીઉલ આખરનો ચાંદ તા. ૪–૧૦ ની સાંજે નજર આવેલ છે તેથી ગ્યારવીં (કારંઈ) તા. ૧૪–૧૦, સોમવારની સાંજે થશે, યવ્મે વિસાલે ગૌષે આઝમ રહમતુલ્લાહ અલયહે તા. ૨૧–૧૦ સોમવાર (૧૭ રબી. આખર)ના થશે.

પ્રશ્નોત્તરી – ૧૨૦૯



ઈસ્માઈલ એ. સોનેજી B.Sc., B.Ed.

(૧) એક હદીસ મુજબ આપણી પાસે ફરિશ્તાઓ રાત્રે અને દિવસે વારાફરતી આવે છે. એક રોકાઈ જાય છે અને બીજા ચાલ્યા જાય છે આ ફરિશ્તાઓ ક્યા સમયે ભેગા થઈ જાય છે ?

(૨) જન્નતનાં એ ઝાડનું નામ શું છે જેનો છાંયડો જન્નતનાં દરેક ભાગ પર પહોંચશે ?

(૩) ક્યા રોગમાં શરીર ઝડપથી વૃધ્ધ થાય છે અને દર્દીઓ તેમની વાસ્તવિક ઉંમરથી ઘણાં મોટા દેખાય છે ?

(૪) પાકિસ્તાનનાં પહેલા કાયદામંત્રી કોણ હતા ?

(૫) કાજીરંગા રાષ્ટ્રીય અભ્યારણ્ય ક્યા રાજ્યમાં આવેલું છે ?

પરખ–૧૨૦૭નાં જવાબ :

(૧) પહેલી બયઅતે અકબાવાળા ૧૨ સહાબી હતા.

(૨) અબૂજહલનાં પિતાનું નામ હિશામ અને માતાનું નામ હનઝલીયા હતું.

(૩) નૌજવાન ભારત સભાની સ્થાપના ભગતસિંહે કરી હતી.

(૪) અર્થશાસ્ત્ર પુસ્તકનાં રચયિતા ચાણક્ય (કૌટિલ્ય) હતા.

(૫) એક પરીક્ષામાં સાચા જવાબનાં પાંચ માર્કસ અને ખોટા જવાબનો એક માર્ક કાપી લેવામાં આવે છે. એક પરીક્ષાર્થી 75 પ્રશ્નનાં જવાબ આપ્યા અને 125 માર્કસ મળ્યા તો તેનાં 40 જવાબ સાચા હશે.

પાંચ સાચા જવાબ આપનાર વાચકો :

આબેદીન નૂરમોહંમદ જેડા–સિક્કા (જામનગર).
ચાકી ઈમ્તિયાઝ અબ્દુલગની–મથલ.

ત્રણ સાચા જવાબ આપનાર વાચકો :

યાસમીન આબિદ ખત્રી–અજરખપુર.

નોંધ : Google પર સર્ચ કરવાથી ઘણાં પ્રશ્નોનાં જવાબ મળી શકે તેમ છે. જેથી આપનાં જ્ઞાનમાં વધારો થશે.

નોંધ : ઓછામાં ઓછા ત્રણ સાચા જવાબ હશે તેમનાં નામ પ્રસિધ્ધ કરવામાં આવશે.

નોંધ : પરખના જવાબ SMS મારફત પણ મોકલી શકાય છે. મોબાઈલ નં. 81415 78692 (ઈસ્માઈલ સોનેજી)

કુસ્તી સ્પર્ધામાં માતૃછાયાની સિદ્ધિ

(ન્યૂઝ ડેસ્ક)

મુસ્લિમ એજ્યુકેશન ભુજ ખાતે રમતગમત કચેરી ભુજ દ્વારા આયોજિત જીલ્લા કક્ષાની કુસ્તી સ્પર્ધામાં માતૃછાયા કન્યા વિદ્યાલયની નિધિ દિપક, ગુસાઈ કીર્તિ જીતેશ તથા ઠક્કર ખુશી અલ્પેશ એ અલગ અલગ કેટેગરીમાં જીલ્લામાં પ્રથમ ક્રમ મેળવેલ છે, જે હવે રાજ્ય કક્ષાએ કચ્છ જીલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. ખેલાડીઓને શાળામાં વ્યાયામ શિક્ષક મનીષ પટેલે કોચિંગ તથા માર્ગદર્શન આપેલ.

રાજકીય નિમણુંક

(ન્યૂઝ ડેસ્ક) વડોદરા જીલ્લા કોંગ્રેસ લઘુમતી સેલના પ્રમુખ તરીકે મુસ્તાકભાઈ પટેલની નિમણુંક થયેલ છે.

મુસાખાનના સવાલ મુફ્તી સાહેબના જવાબ

પ્રશ્નોના જવાબ સુન્ની હનફી મસલક પ્રમાણે છે

સવાલ : કોઈ પીર યા વલીની મીન્નત માનવી જાઈઝ છે કે નહિં ?

જવાબ : કોઈ પીર યા વલીની મીન્નત જે કહેવામાં આવે છે તેને મીન્નતે ઉર્ફી કહે છે તેનો મૂળ અર્થ એ છે કે પીર યા વલી સાથે અથવા તેની મઝાર ઉપર તેની રૂહના સવાબ અર્થે વાયદો કરવો છે તો તે જાઈઝ છે, બાઈસે બરકત (બરકતનું કારણ) વ કુરબત છે.

સવાલ : મુર્શિદનો ખરો અર્થ શો છે ? હવાલા સાથે જવાબ આપો.

જવાબ : મુર્શિદનો અર્થ છે અલ્લાહ જલ્લઉલા અને રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ફરમાન અને હુકમો પર ચાલવાવાળો અને રઝા–એ–ખુદાવંદી તેમજ રઝા–એ–મુસ્તફા સુધી પોતાના મુરીદને પહોંચાડવા વાળો, અસલમાં બયઅતે ઈસ્લામ જે હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ લેતા હતા અને ત્યારબાદ સહાબા–એ–કિરામ લેતા હતા. તેવી જ આ બયઅત બૂરાઈઓ છોડવા અને નેકીઓ કરવા માટે હોય છે.

(સીરતે ગૌસુલ આઝમ)

સંકલન : મૌલાના મુસાખાન એમ. પઠાણ
મુ. પો. દહીંસરા, તા. ભુજ–કચ્છ.

ડિલક્ષ ઉમરાહ 99000 સફર ૨૧ દિવસ
બજેટ ઉમરાહ 77500 સફર ૧૭ દિવસ
રવાનગી નવેમ્બર ઈન્શાઅલ્લાહ
અમદાવાદ થી અમદાવાદ ડાયરેકટ ફલાઈટ
ડિલક્ષ મદીના હોટલ 200 મીટર અને મક્કા હોટલ 500 મીટર
બજેટમાં મક્કા-મદીનાની હોટલ ૮૦૦ થી ૯૦૦ મીટર
● ઉમરાહ અદાયગી ● ઝિયારત ● શોપીંગ દરેક જગ્યાએ સાથે ● લગેજ બેગ ● હેન્ડબેગ ● તસ્બીહ ● ઉમરાહ ગાઈડ ● ૫ લી. ઝમઝમ ● અનલિમિટેડ લોન્ડ્રી ફ્રી
ઈરાક-બગદાદ ઝિયારત 95000/- સફર દિવસ 12
ઉમરાહ સાથે ઈરાક ઝિયારત 195000/- સફર દિવસ 27
: વધુ માહિતી અને બુકીંગ માટે સંપર્ક કરો :
જીલાની ટુર
દાયરા પીર દરગાહ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, માંડવી-કચ્છ
સૈયદ પીર ઝૈનુલઆબેદીન જીલાની
ફોન : ૯૯૦૯૮ ૬૬૭૮૬

ફીરોઝ ચાકી : Mo. : 99782 21888
તૌસિફ ચાકી : Mo. : 99988 71666
અમીત ઓપ્ટીક્સ
ફ્રી કોમ્પ્યુટરાઈઝ્ડ આઈ ટેસ્ટીંગ
સસ્તું અને સારૂં
દુકાન નં. ૨, શ્રી પ્રસાદ કોમ્પલેક્ષ, મહેરઅલી ચોક, ભુજ-કચ્છ.
ખાવડા મેસુક ઘરની બાજુમાં, હોસ્પિટલ રોડ, ભુજ.

ઈકબાલભાઈ : ૯૯૦૯૦ ૭૨૫૭૦
એકતા ફર્નિચર
વુડન અને સ્ટીલ ફર્નીચરના રીટેલ તેમજ હોલસેલ વેપારી
રૂદ્ર રેસીડેન્સી, રેલ્વે કોર્સીંગ પાસે, એરપોર્ટ રોડ, ભુજ-કચ્છ.

મુસ્લિમ આશાબા વૃધ્ધ ભોજનાલય ગૃહશાળા, ભુજ
જેમણે ઈમાન રાખી સારા કાર્યો કર્યા તેઓ બાગોના માલિક થશે
હાલનું સરનામું : આમદભાના નિવાસ સ્થાને
પોલીસ સ્ટેશન પાછળ, સરપટ નાકા અંદર, ભુજ. ફોન : ૯૯૭૪૮ ૪૩૬૩૨
૧૧૦ વૃધ્ધ જરૂરતમંદોને માસ સપ્ટેમ્બર માં જમાડવાનો ખર્ચ તથા દાતાઓ તરફથી મળેલ દાનની વિગત

અનાજ આવક			
ઘઉં કિલ્લો	૪૦	કઠોળ કિલ્લો	૪૧
ચોખા કિલ્લો	૧૧૦	મિઠાઈ	૭ વખત
તીરૂપતી તેલ ડબ્બા	૩	ખાવો	૪ વખત
મસાલા કિલ્લો	૧૧	અન્ય	-

આવક		ખર્ચ	
રોકડ આવક	રૂા. ૯૨,૪૦૦/-	વૃધ્ધ ભોજન ખર્ચ	રૂા. ૯૯,૦૦૦/-
અનાજ આવક આશરે	રૂા. ૨૭,૦૭૦/-	બહેન રાહત રોજગાર ખર્ચ	રૂા. ૮૭,૨૦૦/-
કુલ આવક	રૂા. ૧,૧૯,૪૭૦/-	પેટ્રોલ, પરચૂરણ ખર્ચ	રૂા. ૬,૦૦૦/-
ખુટતી રકમ	રૂા. ૭૩,૭૩૦/-	મુઈન ખાતો ખર્ચ	રૂા. ૧,૦૦૦/-
	રૂા. ૧,૯૩,૨૦૦/-		રૂા. ૧,૯૩,૨૦૦/-

માસ સપ્ટેમ્બર માં રૂા. ૭૩,૭૩૦/- ની રકમ ખર્ચની સામે ખુટી છે
: આર્થિક સહકાર આપવા નમ્ર અપીલ - બેન્ક ખાતાની વિગત :
Bank Name : Indian Bank, Bhuj Branch.
Account Name : Muslim Aashaba Vruddh Bhojnalay And Gruhshala
Account No.: 7326846090 IFSC : IDIB000B044

કંકોત્રી
એલાઈટ પ્રિન્ટર્સ
સુમરા ડેલી સામે, ભુજ-કચ્છ.
ફોન : ૯૮૨૫૩ ૭૬૩૯૬

ગનીભાઈ : ૯૮૨૫૫ ૯૯૪૮૫, ૯૬૬૪૭ ૧૬૫૫૮
હાજી ઉસ્માનગની હુસેન ખલીફા
(ગઢશીશાવાલા)
આધુનિક પદ્ધતિથી સ્પ્રે લગાડી પીડા રહિત સુન્નત (ખત્ના) બેસાડનાર
માત્ર એક પટ્ટી દ્વારા ખત્ના કરનાર
હાજી અબ્દુલકરીમ ઉસ્માનગની ખલીફા
૯૮૭૯૦ ૯૨૧૩૫
તાહા હેર આર્ટ
મસ્જિદે તયબાહની બાજુમાં, ગઢશીશા, તા. માંડવી-કચ્છ.

નામ : નબીલ અહમદ શેખ,
ધોરણ : ૧૦ (અંગ્રેજી માધ્યમ),
શાળા : મુસ્લિમ હાઈસ્કૂલ,
ગામ : ભુજ-કચ્છ.



છબી ‘છબી’ વિભાગમાં વિદ્યાર્થીઓના સ્વહસ્તે દોરેલ ચિત્રો મફત પ્રસિધ્ધ કરવામાં આવે છે. ટપાલ, વ્હોટ્સ એપ નં. 9662933957 કે ઈ-મેઈલ farooqsaptahik@gmail.com દ્વારા ચિત્ર, વિદ્યાર્થીનો ફોટો અને વિગત મોકલી શકાય છે. A-4 સાઈઝના લીટી વગરના કોરા કાગળ પર ચિત્ર દોરવા.

APS AUSTRALIAN PREMIUM SOLAR
મળવાપાત્ર સબસીડી ₹78,000/-*
સોલાર રૂફટોપ
લગાવવા માટે સંપર્ક કરો :
મોહમ્મદ ઝફર મલેક : 95587 19950
ભારત નગર, ભુજ-કચ્છ.

મેગા વિન્ટર મેલા... મેગા વિન્ટર મેલા...
વિન્ટેજ કલોથ
ઈમ્પોર્ટેડ ગરમ કપડાના હોલસેલ તથા રીટેલના વ્યાપારી
રૂા. ૨૦ થી રૂા. ૧૦૦૦ સુધી
જેન્ટ્સ જેકેટ, લેડીઝ જેકેટ, ચિલ્ડ્રન જેકેટ, સ્વેટર, હુડીસ, સ્વેટશર્ટ, પયઝામા, વુલકેપ અને ઘણું બધું વ્યજબી ભાવમાં બેસ્ટ કલોલિટી પ્રોઠકટ્સ
વિવિધ ફોટો અને વિડીયો માટે જુઓ ઈન્સ્ટાગ્રામ/ફેસબુક : vintageclothesbhuj
એરપોર્ટ રોડ, ડી-માર્ટ મોલ થી ૧૦૦ મીટર આગળ, ભુજ-કચ્છ. અબ્દુલશા સૈયદ : 99795 20343

AL HARAMAIN
SWISS ARABIAN
Rasasi
અરેબીક અને ઈન્ડિયન અત્તર, પરફ્યુમ્સ
પરફ્યુમ મેકિંગ મટીરીયલ, લોબાન-બખૂર
તથા હજ-ઉમરાહ હદીયા માટે
ઝમઝમ બોટલ, તસ્બીહ વગેરે આઈટમ્સ
મેળવવા માટેનો વિશ્વાસપાત્ર સ્થળ
હરમૈન પરફ્યુમ્સ
હોલસેલ તથા રિટેલ
عطورات حرمين
વોકળા ફળિયા, ભુજ-કચ્છ.
9638900669 harmainperfumes

વિંઝાણ મધ્યે મફત મેડિકલ કેમ્પ યોજાયો

મુફતીએ કચ્છ સૈયદ હાજી અહમદશા બાવા તથા હાજી જહાંગીરશા બાવાની યાદમાં યોજાયેલ કેમ્પનું લાભ ૧૦૮૭ દર્દીએ લીધું

(રઝાકભાઈ હિંગોરા, ખિરસરા દ્વારા) તા. ૨૯–૯ ના વિંઝાણ (તા. અબડાસા) ગામ મધ્યે દાવતે મુસ્તફા અબડાસા સંસ્થા દ્વારા મુફતીએ કચ્છ સૈયદ અલ્હાજ અહમદશા બાવા સાહેબ અને સૈયદ ડો. હઝરત જહાંગીરશા ના ઈસાલે સવાબ માટે મફત મેગા મેડિકલ કેમ્પ યોજાયો જેમાં ડો. વિશાલ દેસાઈ (M.D.), ડો. ફહીમ લાલા (આંખના સર્જન), ડો. હાર્દિક પાઠક (DNB), ડો. ઉમર ફારૂક (માંડવી) (B.A.M.S.), ડો. મહેમૂદ કોઠારા (B.H.M.S.), ડો. શકીલરઝા એ. ખત્રી (B.D.S.) અને યુનાની ડો. સૈયદ અબ્દુલરશીદ સહિતના તબીબોએ પોતાની સેવાઓ આપી હતી.

કેમ્પમાં ૧૦૮૭ દર્દીને મફત લેબોરેટરી પરીક્ષણો, મફત દવાઓ અને જરૂરીયતમંદ દર્દીઓને ઓપરેશન જેવી સુવિધાઓ સંસ્થા દ્વારા કરવામાં આવી હતી. મેડિસિન સેવામાં સુલ્તાનભાઈ આગરીયા અને લેબોરેટરી સેવામાં રઝાએહમદ તુરીયાએ સેવા આપી હતી. દાવતે મુસ્તફા અબડાસા સંસ્થાના પ્રમુખ સૈયદ અલ્હાજ સલીમશા બાપુના માર્ગદર્શન હેઠળ કાર્યકરોએ કેમ્પને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

પીર સૈયદ ઈશાકમીયાં અશરફી સિલસિલાના ખલીફા બન્યા

(ન્યૂઝ ડેસ્ક) તા. ૨–૧૦, બુધવારના ખાનકાહ એ અશરફિયા, ખાનપુર, અમદાવાદ મુકામે શૈખુલ ઈસ્લામ અબુલહમ્ઝા મુહમ્મદ મદની અશરફી જીલાની (મદનીમિયાં બાપુ)એ સૈયદ ઈશાકમિયાં અલ અબ્બાસી અલ હાશ્મિને અશરફી સિલસિલાની ખિલાફત અતા ફરમાવી છે.

આ સત્ર દરમ્યાન ખુલ્ફા એ અશરફિયા, ઉલમાએ કિરામ તથા શાહઝાદાએ મદનીમિયાં હમ્ઝામિયાં અશરફિયુલજીલાની ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

પીર સૈયદ ઈશાકમિયાંએ જણાવ્યું છે કે, અશરફી સિલસિલાની બુનિયાદ આઠમી સદી હિજરીમાં સૈયદ અશરફ જહાંગીર સિમનાની રહેમતુલ્લાહ અલયહેએ રાખી હતી. અશરફી સિલસિલાએ શિક્ષણ અને તાલીમના ક્ષેત્રે મહત્વની સેવાઓ આપી છે તથા મદરસાઓ અને યુનિવર્સિટીઓની સ્થાપના કરીને બહુ મોટી ભૂમિકા ભજવી છે. આગળ જતાં કચ્છમાં પણ એક ખાનકાહ સ્થાપીને શિક્ષણ ક્ષેત્રે કામ કરવાની ઈચ્છા તેમણે વ્યક્ત કરી હતી.

વાગડના મુસ્લિમ અગ્રણીનું નિધન

(ન્યૂઝ ડેસ્ક) આડેસરના હાજીઅહમદ કાસમ હિંગોરજા (ઉ.વ. ૮૦)નું તા. ૫–૧૦, શનિવારના ઈન્તકાલ થયેલ છે. મરહુમ પાંચ વર્ષ સુધી આડેસર મુસ્લિમ સમાજના પ્રમુખ હતા તેમજ આડેસરમાં મસ્જિદ નિર્માણમાં તેમનું મોટું યોગદાન હતું. મરહુમ સામખિયારી સ્થિત ગુલશને મુહમ્મદી ટ્રસ્ટના માજી સભ્ય હતા. મરહુમ ફારૂક સાપ્તાહિકના ખૂબ શુભેચ્છક હતા. આડેસર વિસ્તારમાં ફારૂકના પ્રચાર – પ્રસારમાં તેમણે ખૂબ મદદ કરી હતી. અલ્લાહ તઆલા હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના સદકામાં મરહુમની મગફિરત ફરમાવે અને જન્નતમાં આલા મકામ અતા ફરમાવે. આમીન.

મુસ્લિમ હાઈસ્કૂલમાં આરોગ્ય લક્ષી પોડકાસ્ટ યોજાયો

(ન્યૂઝ ડેસ્ક) ભુજની ધી મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી સંચાલિત શાળામાં તા. ૩–૧૦ ના આરોગ્ય જાગૃતિ પોડકાસ્ટ યોજાયો જેની શરૂઆત હિંગોરા મુસ્તાક અહેમદ અને રાયમા સિકંદરે તિલાવતથી કરી હતી. આ પોડકાસ્ટમાં કચ્છની K. K. હોસ્પિટલના નિષ્ણાંત કેન્સર સર્જન ડો. વિકાસ ગઢવી અને MMPJ લેવા પટેલ હોસ્પિટલના ફિઝિશિયન ડો. કરણસિંહ સોઢા સાથે શાળાના મ.શિ. સમા મહંમદફારૂકે કેન્સર તેમજ અન્ય તમામ ગંભીર બિમારીઓ જેવી કે ડાયાબિટીસ, બ્લડપ્રેશર વગેરે અંગે પ્રશ્નો કરી અને તમામ માહિતી વિદ્યાર્થીઓને પહોંચાડી હતી. કચ્છમાં ૮૦% જેટલી કેન્સરની બિમારીમાં મુખ્ય કારણ ધુમ્રપાન, ગુટકા કે તંબાકુ છે. તેથી વિદ્યાર્થીઓને આ દૂષણોથી દૂર રહેવા ડો. ગઢવીએ જણાવ્યું હતું. બિમારીઓનું મુખ્ય કારણ પાણી અને ખોરાક છે માટે સ્વચ્છ આદતો પાડવી જરૂરી છે તેમ ડો. સોઢાએ કહ્યું હતું.

આ પ્રસંગે સંસ્થાના ચેરમેન અલીમોહંમદ જત હાજર રહ્યા હતા. સંકલન મોહંમદહુસૈન બાયડે કર્યું હતું. શાળાના આચાર્ય જુસબખાન ટાંકે સ્વાગત તેમજ આભારવિધિ કરી હતી. ફોટોગ્રાફી તેમજ વિડીયોગ્રાફી સરકી મુસ્તફા અને રાયમા સિકંદરે સંભાળી હતી. વ્યવસ્થા CA સમિતિના ભજીર ઉસ્માનગનીના માર્ગદર્શનમાં કરવામાં આવી હતી. આ પોડકાસ્ટ શાળાની YouTube ચેનલ MewshighschoolBhuj પર ઉપલબ્ધ છે.

સંસ્થાના વાઈસ ચેરમેન અમીરઅલી લોઢીયા, મંત્રી જુમા નોડે અને હિંગોરા જુણસ અને ખજાનચી ઈસ્માઈલ સોનેજી અને તમામ હોદેદારોને આરોગ્ય જાગૃતિના કાર્યક્રમ માટે શાળા પરિવારને શુભેચ્છા પાઠવી હતી.

યસ શાળા : રંગોત્સવ એવોર્ડ અપાયા

(ન્યૂઝ ડેસ્ક) યતીમખાના એહલે સુન્નત સંચાલિત યસ શાળામાં તા. ૩–૧૦ ના રંગોત્સવ નિમિત્તે ઈનામ વિતરણ સમારોહ યોજાયો હતો જેમાં શાળાના ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ તેમજ ૧૪ શિક્ષકોએ ભાગ લીધો હતો. જેમાંથી શાળાના ૫૩ વિદ્યાર્થી અને ૩ શિક્ષક વિવિધ પ્રકારની સ્પર્ધામાં નંબર મેળવ્યા હતા. તિલાવતે કુર્આન મૌલાના કૌષરઆલમ દ્વારા કરવામાં આવી હતી. રંગોત્સવ તરફથી શાળાને ભાવિ શિક્ષણ માટે શ્રેષ્ઠ શાળા એવોર્ડ અપાયો હતો. શાળાના ચેરમેન સમા મોહમ્મદ અસલમને શિક્ષણ સુધારક એવોર્ડ. શાળાના આચાર્ય નફીશાબેન કુરેશીને શિક્ષણ અને કળામાં ઉત્કૃષ્ટ યોગદાન એવોર્ડ અને સ્પર્ધાની તૈયારી કરાવનાર સુપરવાઈઝર અન્સારી રોશનબેનને કલા લલિત એવોર્ડ આપવામાં આવ્યા હતા. સુંદર દેખાવ કરનાર વિદ્યાર્થીઓને શાળાના ચેરમેન, આચાર્ય, સુપરવાઈઝર અને શિક્ષકોના હસ્તે ટ્રોફી, મેડલ, ગિફ્ટ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

વાહેદના શિક્ષણ સંકુલ સંચાલિત ગર્લ્સ હોસ્ટેલ નવા શૈક્ષણિક વર્ષથી શરૂ થશે

સંસ્થા સંચાલિત 'ગાઝી હોર્સ રાઈડિંગ કલ્બ' ખુલ્લો મુકાયો

(ન્યૂઝ ડેસ્ક) ધી. M.M.E.R.T. સંચાલિત વાહેદના શિક્ષણ સંકુલ – ભુજ ખાતે તા. ૧–૧૦ ના 'હોર્સ રાઈડિંગ'નું પ્રારંભ 'ગાઝી હોર્સ રાઈડિંગ કલ્બ' ના નામથી થયું હતું. ટ્રેઝરર મોહંમદહુસૈન મુનશી હાજર રહ્યા હતા. તેમજ વડોદરાની આવેલી 'લોરેન્સ ક્લાન'ના મેનેજિંગ ડાયરેકટર મલેક ફિરોઝ અને મેનેજિંગ ટ્રસ્ટી મુબ્બર્રા મેમ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત તિલાવતે કુર્આનથી ધો. ૧૨ના વિદ્યાર્થી સમા ખલીલુર્રહમાન દ્વારા કરવામાં આવી હતી. શાળાના ચેરમેન સૈયદ જલાલશા બાવાએ વકતવ્ય આપ્યું હતું. ટ્રસ્ટી સૈયદ મોઈનુદ્દીન બાવાએ તા. ૧–૫–૨૫ થી થી ગર્લ્સ હોસ્ટેલ શરૂ કરવાની જાહેરાત કરી હતી. સંસ્થાને મદદરૂપ થતા દાતા વાહેદના પરિવાર અને બચુ શેઠ વિશે જણાવ્યું હતું. સૈયદ મૌલાના અહેમદશા અલહુસૈનીએ કાર્યક્રમને અનુલક્ષીને કુર્આન શરીફ અને હદીસની રોશનીમાં ઘોડાઓનું વર્ણન કર્યું હતું. શિફા લોરેન્સ કલાન અંગ્રેજી હોસ્પિટલના પ્રમુખ હાજીઆદમ ચાકીએ હોર્સ રાઈડિંગ ચાલુ કરવા બદલ ટ્રસ્ટને અભિનંદન આપ્યા. તેમણે જણાવ્યું હતું કે ઘોડાની રેસમાં પ્રથમ આવીએ તેવી જ રીતે દરેક કાર્યમાં તમારે પ્રથમ આવવાનો પ્રયત્ન કરવો જોઈએ. ગર્લ્સ હોસ્ટેલ ચાલુ થઈ રહી છે તેમાં સહકાર આપશે એવી ખાત્રી આપી હતી.

પ્રાથમિક વિભાગના આચાર્ય જુણેજા અબ્દુલગફાર અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના આચાર્ય સુરેશ વી. કાનાણી તેમજ માધ્યમના આચાર્યા સૈયદ સાનિયામા તેમજ સમગ્ર શિક્ષણ ગણે કાર્યક્રમને સફળ બનાવવા સહકાર આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન શાળાનાં શિક્ષક અને હોર્સ રાઈડિંગના હેડ ઉમર ફારૂક એ. મુન્શીએ કર્યું હતું.

મુસ્લિમ સમાજ તમામ ધાર્મિક વડાઓનું આદર કરે છે : હાજીજુમા રાયમા

(ન્યૂઝ ડેસ્ક) મુફતીએ કચ્છ અલયહિર્રહમાના કથન "અન્ય ધર્મના સંતો – મહંતોના સન્માન સાથે તેમના ધાર્મિક સ્થાનોનું રક્ષણ કરવું મુસ્લિમની ફર્જ છે." ને ટાંકીને કચ્છના મુસ્લિમ અગ્રણી હાજીજુમા રાયમાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તેમણે દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રી દરમ્યાન માતાના મઢ ખાતે જાગીરના અધ્યક્ષ રાજાબાવા ની શુભેચ્છા મુલાકાત કરી તેમનું અભિવાદન કરેલ છે.

આ પ્રસંગે ટ્રસ્ટી ખેંગારજી જાડેજા તથા નવરાત્રીમાં અન્નક્ષેત્ર ચલાવતા કનૈયાલાલ ભાનુશાળી પરિવારની સેવા તેમણે બિરદાવી હતી. મુસ્લિમ મુક્ત નવરાત્રીની ઝુંબેશ વચ્ચે માતાના મઢમાં આજે પણ મુસ્લિમ કર્મચારીઓ છે જે આરતી વખતે નોબત વગાડવાનું તથા ટ્રસ્ટના અન્ય કામો કરે છે જે કોમી એકતાની મિસાલ છે. આ સંકુલમાં જતાં પ્રવેશદ્વાર પર 'અસ્સલામો અલયકુમ' થી ટ્રસ્ટના મુસ્લિમ કર્મચારી આમદભાઈ લંઘા અમારું સ્વાગત કરે તે ખરેખર આનંદદાયક છે. શ્રી રાયમાએ અપીલ કરી છે કે અમુક અસામાજિક તત્વો કોમી એકતામાં પલીતો ચાંપી રહ્યા છે તેનાથી સચેત રહેવાની જરૂર છે.

આ મુલાકાત પ્રસંગે શમ્સુલ રાયમા, હાજીઆમદ, હાજીરાયમા સહિત આગેવાનો જોડાયા હતા.

ગુસ્તાખે રસૂલ વિરૂધ્ધ રાષ્ટ્રીય સુરક્ષા ધારા હેઠળ કાર્યવાહી કરવામાં આવે

કચ્છ જીલ્લા કોંગ્રેસ લઘુમતી ડિપાર્ટમેન્ટ દ્વારા આવેદનપત્ર આપી રજૂઆત કરાઈ

(ન્યૂઝ ડેસ્ક) તા. ૭–૧૦ ના કચ્છ જીલ્લા કોંગ્રેસ લઘુમતી ડિપાર્ટમેન્ટના ચેરમેન સૈયદ મુહમ્મદ અશરફશાના નેતૃત્વતળે કચ્છ જીલ્લા કલેકટર કચેરીએ રજૂઆત કરાઈ છે કે ઈસ્લામના પયગમ્બર હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અંગે યતિ નરસિંહાનંદ, ગાંધીધામના હરિસિંહ જાડેજા તથા અંકિત ભારદ્વાજ દ્વારા અણછાજતી ટિપ્પણી કરી વૈમનસ્ય ફેલાવવા અને કોમી એકતા તોડવાના જે કૃત્ય કરેલ છે તેને કોંગેસે સખ્ત શબ્દોમાં વખોડી છે અને કચ્છ કલેકટરશ્રી મારફતે મહામહિમ રાષ્ટ્રપતિશ્રીને લેખિતમાં રજૂઆત કરી આવા તત્વો સામે રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ કાર્યવાહી કરવા આવેદન પત્ર પાઠવવામાં આવ્યું છે. આ બાબતે યોગ્ય નહીં થાય અને નફરત ફેલાવનારી પ્રવૃત્તિઓ બંધ નહીં થાય તો આગામી દિવસોમાં મોટી સંખ્યામાં લોકોને સાથે રાખી વિવિધ લડત કાર્યક્રમો આપવામાં આવશે એવું આક્રોશપૂર્વક શ્રી સૈયદે જણાવ્યું હતું.

આ રજૂઆતમાં કાસમ સમા, કે. કે. અન્સારી, ધીરજ ગરવા, એચ. એસ. આહિર, હાસમ સમા, આઈસુબેન સમા, મુસ્તાક હિંગોરજા, કાસમ કુંભાર (ભચાઉ), સુલતાન સુમરા, યાકુબ મુતવા, ઈમરાન નોડે, ઈલિયાસ ઘાંચી, સેહઝાદ સમા, હાજીયાસીન ચાકી, ધર્મેન્દ્ર શ્રીમાળી, અનવરખાન પઠાણ, અબ્બાસ મોખા, અલ્તાફ ખલીફા, ઈમરાન સમા, નૌશાદ હસણીયા, ફિરોઝ ચાકી, સાહિલ ખત્રી, અલીમામદ સમા વગેરે આગેવાનો હાજર રહ્યા હતા એવું જીલ્લા પ્રવકતા ગની કુંભારની યાદીમાં જણાવાયું છે.

નવેમ્બર 2024
ઉમરાહ
ભુજ થી ભુજ
બુકિંગ શરૂ
₹ 99,000
15 દિવસ
1446
2025
હજ બુકિંગ શરૂ
SINCE 2006
ખાદિમુલ હુજ્જાજ ટુર્સ
હજ ◆ ઉમરાહ ◆ ઝિયારત ટુર આયોજક

હેડ ઓફિસ : કે.બી.સી. બંધેજ ઉપર, અનમ રિંગ રોડ, ભુજ-કચ્છ.
હાજી ગફુર ખત્રી, (કે.બી.સી. બંધેજ) ભુજ M: 98259 93786
હાજી આરીફ દાફરાની, મુંબઈ M: 98925 60735
મુફીઝુલરહેમાન, ભુજ M: 99138 40786
મૌલાના હાજી સુલેમાન માંજોઠી, માંડવી M: 99256 62586
હાજી મોહંમદભાઈ (ન્યુ કે ટેઈલર), ભુજ M: 90990 53632

એ.કે. ફેબ્રીકસ
નમાઝ ટોપી, હાજી રૂમાલ
ઓઢણા સ્કાર્ફ
રૂમાલી
વિમલ સ્ટેશનરી પાસે, સિધ્ધી બુક સ્ટેશનરી સામે, બેઝમેન્ટ,
કચ્છી દશા શ્રીમાળી જૈન વાડી, વાણીયાવાડ, ભુજ-કચ્છ.
ફોન : ૯૪૦૮૪૪૬૯૬૯, ૯૧૦૬૬૯૭૯૩૦, ૯૪૨૬૬૭૮૬૦૬.

રજી. નં. ઈ-૩૩૫૦/કચ્છ.
મુસ્લિમ શિફા મેડિકલ ટ્રસ્ટ
નવા રેલ્વે સ્ટેશન સામે, ભુજ-કચ્છ. ફોન : ૭૩ ૮૩ ૮૫ ૩૩ ૫૦
તા. ૦૭/૧૦/૨૦૨૪ સુધી મળેલ દાન
10,000/- મરહુમ રાયમા હાજી હારૂન જાકબ નેત્રા
50,000/- બંદે ખુદા - હસ્તે : અલીભાઈ કુરેશી સાવરકુંડલા
11,000/- અલતાફ શરીફ ચાકી મુંબઈ
51,000/- મરહુમ ચૌહાણ ખમીશા યુસુફ માધાપર
1,50,000/- કાનજીભાઈ જગાભાઈ રાવરીયા કબરાઉ
નોંધ : ગત અંકમાં કાનજીભાઈનું દાન ભૂલથી રૂા. ૧૫,૦૦૦/- છપાયું હતું
રૂા. ૫,૦૦૦/- થી વધુ દાન આપનાર દાતાઓના નામ 'ફારૂક' સાપ્તાહિકમાં તેમની સહમતી થી પ્રસિધ્ધ કરવામાં આવશે

ઉર્ષ મુબારક
હઝરત પીર લાખા ફકીર અને હઝરત પીર રણમલ ફકીર રહેમતુલ્લાહ અલયહુમાનો ઉર્ષ મુબારક રાબેતા મુજબ ઉજવવામાં આવશે જેમાં શરીક થવા તમામ હિન્દુ-મુસ્લિમ ભાઈ-બહેનોને જાહેર આમંત્રણ આપવામાં આવે છે.
: સદરે જલ્સા :
સૈયદ હાજી હયાતશા વલીશા, ઝુરા.
: મુકરીરે ખાસ :
શયખુલ હદીસ અલ્હાજ
શોએબઅલી અકબરી સાહેબ
તા. ૧૪/૧૦/૨૦૨૪, સોમવાર,
મુ.તા. ૧૧ રબી.આખર ૧૪૪૬
ન્યાઝ: મગરિબ નમાઝ બાદ
તકરીર: ઈશા નમાઝ બાદ
તકરીર બાદ સિંધી મોલૂદ રાખવામાં આવેલ છે
સ્થળ : ઝુરા. તા. ભુજ–કચ્છ.
નિમંત્રક : ઝુરા જતવાંઢ એહલે સુન્નત વ જમાઅત
નોંધ : તા. ૧૩/૧૦/૨૦૨૪ના ઈશા નમાઝ બાદ શાહ અબ્દુલલતીફ ભિટાઈ રહમતુલ્લાહ અલયહેના બૈત અને તંબુરાઈ રાગનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે

Editor, Printer, Publisher and Owner Yousuf A. Jat, Printed at Elite Printers, Opp. Sumra Deli, Bhuj-Kutch and Published from Maiwali street, Sawaya faliya, Bhuj-Kutch(Gujarat). Mo. : 98253 76396
તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક યુસુફ એ. જત; મુદ્રણ સ્થાન : એલાઈટ પ્રિન્ટર્સ, સુમરા ડેલી સામે, ભુજ–કચ્છથી છાપીને માઈવાલી શેરી, સવાયા ફળીયા, ભુજ–કચ્છથી પ્રસિદ્ધ કર્યું. મોબાઈલ : ૯૮૨૫૩ ૭૬૩૯૬, E-Mail : farooqsaptahik@gmail.com